# અંતરંગ ઘટનાઓ

કલ્પેશ ડી. સોની



# અર્પણ



મારી દયિતા

સ્નેહા

તેમજ

મારા વ્હાલા પુત્રો

ચિ.હર્ષિલ-મલ્હારને.

# લેખકની કલમે



આ પુસ્તકમાં પહેલા ધોરણથી શરુ કરીને એમ.એ. સુધીના મારા અભ્યાસકાળ દરમિયાન થયેલા અનુભવો તેમજ બે કોલેજોમાં અધ્યાપક તરીકેના પાંચ વર્ષના મારા અનુભવોમાંથી પસંદગી કરીને બાવીસ ઘટનાઓનું આલેખન અહીં થયું છે, જેનાથી ઉપસતા મારા વ્યક્તિ-ચિત્રને સંપૂર્ણ માની શકાય નહિ. અલબત્ત, જે ઘટનાઓ રજૂ થઈ છે, તેમાં કોઈ ઉમેરો કે બાદબાકી ન કરતા જેમની તેમ મેં રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. ઘટનામાં આવતા પાત્રોના માત્ર નામ બદલ્યા છે. અલ્પા, રોઝી, રમેશ, રચના, સવિતા-આટલાં નામો સાચાં જ રાખ્યાં છે. દિવ્યભાસ્કરમાં આવતી કૉલમ વાંચીને મારા જીવનમાં બનેલી પાંચ ઘટનાઓ લખી, જેમાંથી ત્રણ ‘લાગી શરત’, ધીરજની કસોટી’ અને ‘અમદાવાદી કંડક્ટર’ ઘટનાઓ www.readgujarati.com વેબસાઈટ પર આવી જેના વાચક ભાવના શુક્લએ મારા જીવનમાં બનેલી વધુ ઘટનાઓ વાંચવામાં રસ દર્શાવ્યો તેથી આ પુસ્તક તૈયાર થયું. પુસ્તક માટે પ્રેરણા અને મદદરૂપ બનનાર સૌને સસનેહ વંદન સાથે...

- કલ્પેશ ડી. સોની

(એમ.એ., લોજીક & ફિલોસોફી)

# અનુક્રમણિકા : ‘અંતરંગ ઘટનાઓ’


| ક્રમ | વિષય | પાન નં. |
|---|---|---|
| 1 | રીઝલ્ટ | 5 |
| 2 | રજાચિઠ્ઠી | 5 |
| 3 | ગામડીયો શહેરી બન્યો | 6 |
| 4 | લાગી શરત | 7 |
| 5 | ટપલી દાવ | 7 |
| 6 | આર્મીમેનની બુદ્ધિ | 8 |
| 7 | કૂતરી-બિલાડી | 9 |
| 8 | ધીરજની કસોટી | 9 |
| 9 | બુદ્ધિનો બળદ | 10 |
| 10 | ...ને હું બચી ગયો | 12 |
| 11 | નિર્દોષ મૈત્રી | 12 |
| 12 | અમદાવાદી કંડકટર | 13 |
| 13 | પત્રમિત્ર | 14 |
| 14 | જેવી દષ્ટિ તેવો હું | 15 |
| 15 | અન્યાયનો પ્રતિકાર | 16 |
| 16 | લાગણી અને વિચાર | 16 |
| 17 | ગજબની છોકરી | 17 |
| 18 | ભક્તાણી | 18 |
| 19 | ઈન્કમટેક્ષ ઑફિસર | 18 |
| 20 | ઈન્ટરવ્યૂ | 19 |
| 21 | બાયોલોજી ટુર | 20 |
| 22 | ફ્રોડ | 21 |

| 1 | રીઝલ્ટ |
|---|---|

મેં પહેલા ધોરણની વાર્ષિક પરીક્ષા આપી હતી. રીઝલ્ટ લેવા જવાની આગલી રાત્રે મને થયું કે મારો નંબર પ્રથમ આવે તો કેવું  સારું ! અંતરમાં પ્રેરણા થઈ કે ભગવાનના નામની માળા ફેરવીએ તો ભગવાન આપણને મદદ કરે. પપ્પા રોજ સવારે બે કલાક ભગવાનના પૂજા-પાઠ કરતા તે પૂજાના કબાટ પાસે હાથમાં માળા લઈને હું બેસી ગયો. પાંચ વર્ષની વયે એકવીસ માળા ફેરવી(શાળામાં હું એક વર્ષ વહેલો દાખલ થયો હતો. એ ઉંમરે મને ખ્યાલ ન હતો કે રીઝલ્ટ તો ઘણાં દિવસ પહેલા તૈયાર થઈ ગયું હોય અને એક રાત્રિમાં ચમત્કાર થાય તો જ માર્ક્સશીટમાંનું લખાણ બદલાઈ જાય અને પ્રકૃતિના નિયમ વિરુદ્ધ ભગવાન ચમત્કારો કરતા નથી અને જે ચમત્કાર કરે છે એ ભગવાન નથી.) બીજા દિવસે તૈયાર થઈને હું રીઝલ્ટ લેવા ગયો, રીઝલ્ટ જોયું તો મારો નંબર પ્રથમ હતો. મને અતિશય હર્ષ થયો હતો. મને લાગ્યું કે માળા ફેરવવાને લીધે જ મારો નંબર પ્રથમ આવ્યો છે. (ધો.10 સુધી દરેક શાળાકીય પરીક્ષામાં મારો નંબર 1થી5માં જ રહ્યો છે.) જો કે મોટી ઉંમરે મને ખબર પડી કે એનું એક કારણ એ હતું કે મારા પપ્પા સરકારી (!) કર્મચારી હતા.

| 2 | રજાચિઠ્ઠી |
|---|---|

પંચમહાલ જિલ્લાના દિવડાકૉલોની નામના ગામમાં અમે રહેતા હતાં. 1977-78ના શૈક્ષણિક વર્ષ દરમિયાન હું ત્રીજા ધોરણમાં અભ્યાસ કરતો હતો. મનુભાઈ પંડ્યા નામના અમારા વર્ગશિક્ષક ખૂબ જ પ્રેમાળ હતા. અલ્પા મહેશભાઈ પટેલ નામની છોકરી મારી સાથે ભણતી હતી. અમે બન્ને એક સાથે બેસતા. એક વાર મનુભાઈએ અમારો લેખિત ટેસ્ટ લીધો. હું ને અલ્પા સહકારની ભાવનાથી જવાબો લખતા હતા. પ્રશ્ન આવ્યો, “ફર્નિચર શામાંથી બને છે?” મેં અલ્પાને પૂછ્યું, “આ ફર્નિચર એટલે શું? તે શેમાંથી બને?” અલ્પાએ ખુબ વિચારીને મને જવાબ લખાવ્યો, “ફર્નિચર સાવેણી(સાવરણી)માંથી બને છે.” સર અમારો જવાબ વાંચીને હસી પડ્યા હતાં.

એક દિવસ અલ્પાના ઘરે પ્રસંગ હોવાથી નિશાળમાં તે રિસેસ બાદ રોકાઈ શકે તેમ ન હતી. આથી એના કાકાએ લખેલી રજા-ચિઠ્ઠી તેણે મને આપી, ને સરને જરુરી વાત કહેવાનું કામ મને સોંપ્યુ. હું તો ‘એણે મને ચિઠ્ઠી આપી’ એ વાતથી જ એટલો બધો રોમાંચિત થઈ ગયો હતો કે બીજી બધી જ વાતો ભૂલી ગયો હતો. સરને મેં ચિઠ્ઠી પણ પહોંચાડી હતી કે મારી પાસે રાખી હતી એ પણ યાદ આવતું નથી. એક દિવસ શાળા છુટ્યા બાદ હું, અલ્પા ને શિલ્પા એમ ત્રણ જણા વાતોનો રસ માણી રહ્યા હતા. હું વાત-વાતમાં રાજાપાઠમાં આવી ગયો. બન્ને બહેનપણીઓ મારી વાતો સાંભળીને હરખઘેલી થઈ ગઈ. મેં કહ્યું હતું, “તમને ખબર છે, નિશાળ છૂટ્યા બાદ પી.ટી.ના સ્ટેજ પર દરરોજ યુદ્ધ થાય છે?” પછી વર્ગનાં એક રાજુ નામના, સહુને અણગમતા છોકરાનું નામ લઈને મેં કહ્યું, “રાજુનાં આખા સૈન્યને મેં એકલે હાથે હરાવી દીધું.” બન્ને છોકરીઓ તાળી પાડી ઉઠી. પાંચ વાગે છૂટનારી શાળા ને અમે સવા છ સુધી ત્યાંના ત્યાં જ ઊભા હતાં. અલ્પાને શિલ્પાનાં ઘરે જવાનુ

હતું તેથી અલ્પાના ઘરેથી તો કોઈ ન આવ્યુ પણ શિલ્પાની મોટી બહેને આવીને અમને વઢીને અમારી હવા કાઢી નાખી.

| 3 | ગામડીયો શહેરી બન્યો |
|---|---|

1979-80ના શૈક્ષણિક વર્ષમાં અમે દીવડા નામના ગામડેથી વડોદરા રહેવા આવી ગયા હતાં. હું પાંચમાં ધોરણમાં આવ્યો હતો. નર્મદાકોલોનીના એક બ્લોકમાં અમે ત્રીજે માળ રહેતા હતા. અમારા 'નેક્સ્ટ ડોર નેઈબર' પાઠકજી હતા. એમને બે દીકરી ને એક દીકરો હતા. મોટી દીકરી ત્રીજા ધોરણમાં ભણતી હતી. પ્રજ્ઞા એનું નામ. આખું ફેમિલી આધુનિક રંગે રંગાયેલું હતું. શીલાબેન, પ્રજ્ઞાનાં મમ્મી, કોલોનીની મમ્મીઓને ખુલ્લેઆમ વાત કરતા કે તેઓ 1960ના દસકાના ગ્રેજ્યુએટ હતા, એમનો અભિલાષ નામનો બોયફ્રેન્ડ હતો, જેની સાથે તેઓ લગ્ન કરવા માંગતા હતા. શહેરની આવી વાતોથી હું શરમ, અચંબો પામતો. કારેલીબાગ વિસ્તાર એ જમાનામાં પોશ એરિયા ગણાતો. ત્યાંના જાણીતા બંગલાના માલિક અને શહેરના મામલતદાર પિતાના આગ્રહથી રાજપીપળાના ઔદિચ્ય સહસ્ર બ્રાહ્મણ પરિવારના ન ગમતા, કારકૂન યુવાન સાથે શીલાબેનને લગ્ન કરવા પડ્યાં હતાં. રસોઈ ન આવડતી હોવાના બહાના હેઠળ દરરોજ રાત્રે શીલાબેન પતિના હાથનો માર ખાતાં. હું પાંચ વર્ષ ગામડામાં ભણીને આવેલો ગામડીયો હતો ને ત્રીજા ધોરણમાં ભણતી પ્રજ્ઞાના મોટા ભાગના સગાં એન.આર.આઈ. હતા, જેના કારણે પ્રજ્ઞા અમેરિકન કલ્ચરથી લગભગ માહિતગાર હતી.

અમારી મૈત્રી થઈ. શરુઆતમાં એ મને 'ગામડીયો' કહીને ચીડવવાની કોશિશ કરતી, પરંતુ વાસ્તવમાં છોકરીઓ પરી જેવી રુપાળી હોય છે એવી ખબર મને વડોદરા આવ્યા પછી, ખાસ કરીને પ્રજ્ઞાને જોયા બાદ પડી હતી, એટલે મારે ચીઢાવાનું કોઈ કારણ હતું જ નહિ. એક વાર એ મને ટેરેસ પર લઈ ગઈ ને અમારી પીઠ સામ-સામે ને ચહેરા વિરુદ્ધ દિશામાં રહે એ રીતે પોઝીશન લેવડાવીને ડાન્સ શિખવાડવાનો પ્રયત્ન કરવા લાગી. હું રોમાંચિત થવાની સાથે-સાથે કોઈ ગુનો કરી રહ્યો હોઉં એવું વધુ અનુભવતો હોવાથી અમે એ પડતું મૂક્યું. શીલાબહેનના ત્રણ બાળકો ને અમે ત્રણ ભાઇ-બહેન મળીને એમના ઘરમાં 'બાવો આવ્યો' એવી રમત રમવાનું શરુ કર્યું હતું. બે રુમ-રસોડાનો ફ્લેટ હતો. આગળના ભાગમાં બેઠકરુમમાં હું બાવો બનીને ઉભો રહું. બીજા છોકરાઓ વચલા રુમમાં, કોઈ ડામચીયા પાછળ, તો કોઈ અનાજના પીપ પાછળ એમ સંતાઈ જાય. હું એમાંથી કોઈ એક ને ઉપાડી જાઉં ને એને થોડી વાર ગભરાવીને પછી છોડી દઉં. રમત ફરીથી શરુ થાય. તે વખતે હું આઠમા ધોરણમાં આવી ગયો હતો. મારા નવા ક્લાસમેટના આગ્રહથી અમે અમારો ફ્લેટ બદલાવીને એના ફ્લેટની બાજુના ફ્લેટમાં રહેવા ગયા હતા. મારા મિત્રનું વિશાળ ગર્લ+બોયફ્રેન્ડ સર્કલ જોઈ હું રાજી થઈ ગયો હતો, ગામડીયામાંથી શહેરી બની ગયો હતો.

| 4 | લાગી શરત |
|---|---|

અમે એપ્રિલ, 1979માં વડોદરા આવ્યા. નજીકની ખ્રિસ્તી મિશનરીની એક ગર્લ્સ સ્કૂલ, જેમાં ધો. 1થી7 સુધી છોકરાઓને પણ પ્રવેશ અપાતો હોવાથી મારા પપ્પાએ મને ધો. 5માં દાખલ કર્યો. હું છઠ્ઠા ધોરણમાં આવ્યો. વર્ગમાં બેઠકવ્યવસ્થા એ પ્રકારની હતી કે એક પાટલી પર બે છોકરા વચ્ચે એક છોકરી બેસે અને તેની પાછળની પાટલી પર બે છોકરી વચ્ચે એક છોકરો બેસે.

હું મહત્વાકાંક્ષી હોવાથી હંમેશા પ્રથમ પાટલીએ બેસવાનું પસંદ કરતો. મારી બાજુમાં રોઝી નામની ખ્રિસ્તી છોકરી બેસતી. તેને એક ટેવ હતી કે દરરોજ વર્ગમાં આવતાની સાથે જ મારી સાથે કોઈને કોઈ મુદ્દે શરત લગાવે. જે હારે તે, જે જીતે તેને પચાસ પૈસા આપે. તે સમયે અમારી ઉંમરના બાળકો માટે આટલા પૈસાની કિંમત કેટલી બધી હશે ! હું હંમેશા શરત જીતતો અને મને પૈસા મળી જતા તેથી હું પોરસાતો. મને થતું કે મારું જ્ઞાન મને અત્યારથી ધન રળી આપે છે તો મોટો થઈને હું કેટલું બધું કમાઈશ ! સમયાંતરે હું યુવાન થયો અને મને બધું સમજાઈ ગયું કે રોઝી શા માટે મારી સાથે શરત લગાવતી હતી, શા માટે હંમેશા હારતી હતી, કેમ તેની પાસે પચાસ પૈસાનો સિક્કો તૈયાર રહેતો હતો. ક્યારેક તો સ્પષ્ટ રીતે મારો જવાબ ખોટો હોય તો પણ તે મારા જવાબનું એવું અર્થઘટન કરતી કે જેથી મારો જવાબ સાચો થાય. હું તો તરત જ રીસેસમાં પૈસા વાપરી નાંખતો. કદાચ મને ખબર ન પડે તેમ એ મને ચોકલેટ-બિસ્કીટ ખાતો જોતી પણ હશે અને આનંદ પામતી હશે. બીજાને રાજી કરીને જેને આનંદ થાય એનું ભાવજીવન ખીલેલું ગણાય. આવું સમજાયા પછી મને મારા જ્ઞાનના ઘમંડ બદલ શરમ આવી.

| 5 | ટપલીદાવ |
|---|---|

હું ધોરણ 7માં વેબમેમોરિયલ સ્કૂલમાં અભ્યાસ કરતો હતો. વર્ષ હતું 1981નું. રિસેસમાં અમારા વર્ગના અમે કેટલાક છોકરાઓ બેન્ચીસની આસપાસ ઊભા રહીને નાસ્તો પુરો કર્યા બાદ વાતો, ધમાલ-મસ્તી વગેરે કરતા હતા. જેને જેવું સુઝે તેવું કરે. ક્યારેક એવી રમત પણ રમાતી કે એક જણ અચાનક કોઈ છોકરાની આંખો પોતાના હાથ વડે દાબી દે અને બાકીના છોકરાઓ જેની આંખો દબાઈ હોય તેને ટપલાં-ટપલી મારે. થોડી સેકન્ડોમાં આંખો પરથી હાથ લઈ લેવામાં આવે. માર ખાનાર છોકરાએ કાંઈ જોયું ન હોય, તેથી તે કોઈને કશું કહી શકે નહિ. જો કે આ એક રમત જ હોવાથી તેનો ફરિયાદ કરવાનો કોઈ ઇરાદો પણ ન હોય.

રમેશ નામનો એક છોકરો નવાયાર્ડ વિસ્તારમાંથી આવતો હતો. તે દરરોજ નાસ્તામાં રોટલી-શાક લાવતો હતો. શરીરે શ્યામ વર્ણનો હતો. તે ખૂબ શાંત અને માસુમ સ્વભાવનો હતો. એક વખત એની આંખો દબાઈ ને બધાં એના પર તુટી પડ્યા. રમેશને પ્રમાણમાં વધુ માર પડ્યો. તે રડવા લાગ્યો. તેણે અમને જણાવ્યું, કે તે, 'કક્કુટીચર' વર્ગમાં આવશે એટલે તેમને ફરિયાદ કરશે. {અંગ્રેજીના ટીચરનો અવાજ 'cuckoo'(કોયલ) જેવો મીઠો હોવાથી તેઓનું નામ એવું પડ્યું હશે.} અમે વિચાર્યું કે ખોટું તો થયું જ છે. અમને પશ્ચાતાપ થવા લાગ્યો

હતો. અમને હતું કે મેડમ અમને ઠપકો આપે કે સજા કરે તો વાંધો નહિ. મેડમ વર્ગમાં આવ્યા. રમેશે ફરિયાદ કરી. પરંતુ વર્ગમાં રમેશનો કોઈ નોંધપાત્ર દેખાવ ન હોવાથી, વળી એણે જેની સામે ફરિયાદ કરી હતી તે, અમે સૌ વર્ગના સ્કોલર અને મેડમ પાસે સારી છાપ ધરાવનારા હતાં. તેથી ટીચર રમેશને જ વઢ્યાં, કે મજાક-મસ્તી સહન ન થતા હોય તો શા માટે ધમાલ કરવા ગ્રુપમાં જોડાય છે. ટીચર આખો પ્રસંગ જાણતા ન હોવાથી આવું થયું, જેનું મને ખૂબ દુઃખ છે.

| 6 | આર્મીમેનની બુદ્ધિ |
|---|---|

ધો.8થી10ના મારા અભ્યાસ દરમિયાન એક પિતા વગરના સહપાઠીની સાથે મારી મૈત્રી થવાથી તેના સંગે હું પણ ઘરે-ઘરે છાપાં નાંખીને કમાણી કરતો થઈ ગયો હતો. દરરોજ સવારે પાંચ વાગે સ્ટેશનેથી છાપાં લઈને બાંધેલાં ગ્રાહકોના ઘરે નાખી આવવાના. રસ્તામાં આખો મિલિટરી વિસ્તાર ફરીને જવાનું. રૂટ બહુ લાંબો હોવાથી મેં વિચાર્યું કે મિલિટરી વિસ્તારમાં થઈને નીકળી જઈએ તો રોજની દસ મિનિટ અને થોડું પેટ્રોલ બચે. એ રસ્તે મિલિટરી સીક્યુરીટીનાં ત્રણ ગેટ આવે. અત્યંત ખાનગી વિસ્તાર હોવાથી પ્રવેશનિષેધ તીવ્ર હતો છતાં હું મારું લ્યુના લઈને એ રસ્તે નીકળ્યો, વિચાર્યું, “ના પાડશે તો પરત ફરી જઈશું ને નહિ તો આ ટૂંકા રસ્તે જઈશું.”

મંદ અંધકાર હતો. એક મિલિટરી યુવાનને ઑવરટેઈક કરીને હું પસાર થયો. એણે બૂમ પાડી. પહેલા તો હું કાંઈ સમજ્યો નહિ. આગળ જતાં-જતાં મારા કાનમાં પડઘાયું કે એણે મને સવારની સલામી આપી હતી. મને સમજાઈ ગયું કે એ યુવાન મને એનો ઉપરી સમજતો હતો. શિસ્ત ચૂકી જવાના ડરથી આ યુવાનો ગમે તેને સલામી ઠોકી દેતાં હોય છે. ત્યારબાદ મને દૂરથી આવતો જોઈને દરેક ગેટના બબ્બે ચોકિયાતોએ ગેટ ખુલ્લા કરી દીધા. હું સરળતાથી નીકળી ગયો. શિયાળો હોવાથી મારા શરીર પર ભૂરા રંગનું જૅકેટ રહેતુ હતું. ચોકિયાતો મારા પહેરવેશ પરથી અને મારી છાતી પર એવોર્ડના કેટલા બિલ્લા ચોંટાડ્યા છે તે શોધવાની લ્હાયમાં ક્યારેક સાવધાનીની મુદ્રામાં રહીને, તો ક્યારેક સેલ્યુટ ઠોકીને મને નવાજતા. એક વખત છેલ્લા ગેટના ચોકિયાતોએ ગેટ ખોલવાને બદલે મને છેક ગેટની નજીક આવવા દીધો. મેં લ્યુના પાર્ક કર્યું. ચાલીને ગેટ સુધી જાઉં તે પહેલા તેઓએ ગેટ ખોલી નાખ્યાં અને સલામી ઠોકી. મેં ફરીથી લ્યુના પર મારું સ્થાન લીધું અને નીકળી ગયો. આવું લગભગ પંદરેક દિવસ ચાલ્યું. મેં વિચાર્યું, “આ યુવાનો ડરના માર્યા, સિનિયરનો અપરાધ ન થઈ જાય એવી સાવધાનીથી રોજ સવારે મને સલામ ઠોક્યા કરે છે. જે દિવસે ભોપાળું પકડાશે તે દિવસે સારી પેઠે મને ઠમઠોર્યા વિના નહિ મૂકે.” અને એ ટૂંકા રસ્તે જવાનું મેં છોડી દીધું. મને લાગે છે કે એ યુવાનો પોતાને સિનિયર ઓફિસરની કસોટીમાંથી પાર ઉતરેલા જાણીને જરૂર રાજી થયા હશે. કારણ કે સિનિયર ઓફિસરે વહેલી સવારમાં તેઓનું ચેકિંગ કરવાનું છોડી જો દીધું હતું !

| 7 | કૂતરી-બિલાડી |
|---|---|

ધો. 10 થી 12ના અભ્યાસ દરમિયાન અમે નવી નર્મદા યોજના વસાહતના કેટેગરી -૩ના 20મા બ્લોકમાં ગ્રાઉન્ડ ફ્લોર પર રહેતાં હતાં. એક વાઘણ જેવી કૂતરી દરરોજ સવાર-સાંજ અમારે આંગણે આવતી. એને રોટલી ખવડાવવાનું મને ગમતું. એ ખૂબ શાંત હોવાથી મને બહુ ડાહી લાગતી. ઘરની રક્ષા કરવામાં એ ખૂબ પાવરધી હતી. ન જોઈતા વ્યક્તિ અને પ્રાણીને એ દૂર સુધી મૂકી આવતી. એક બિલાડી પણ અમારા આંગણે આવતી. હું એને પણ ખાવાનું આપતો. એક વાર બન્ને ભેગા થઈ ગયા એટલે સ્વભાવ પ્રમાણે કૂતરી બિલાડી તરફ ધસી. મેં મોટા અવાજે એને ખખડાવી એટલે એ અટકી ગઈ. બિલાડી પણ ડરીને ચાર પગે ઊંચી થઈને શરીરે વાંકી વળી ગઈ હતી અને તેના શરીરના બધા વાળ ઉભા થઈ ગયા હતા. કૂતરી પાછી વળી એટલે બિલાડી સ્વસ્થ થઈ ગઈ.

ફરી બન્ને જ્યારે ભેગા થઈ ગયાં ત્યારે કૂતરીએ બિલાડીની હાજરી સામે અણગમો બતાવતા મોઢામાંથી થોડાં સીસકારા(દબાયેલો અવાજ) કાઢ્યા. મેં એને ટપારી એટલે એ શાંત થઈ ગઈ. એની હાજરીમાં બિલાડી નિર્ભય રીતે હરતી-ફરતી થઈ ગઈ હતી. પછી તો હું કૂતરીની કસોટી પણ કરતો. એ આવીને ઊભી હોય, મારા હાથમાં રોટલી હોય છતાં હું તરત એને રોટલી આપું નહી. એટલામાં બિલાડી આવે તો તેને રોટલી આપી દઉં. કૂતરી એક બાજુ બેસી જાય અને બિલાડી શાંતિથી રોટલી ખાઈ શકતી. આવું દૃશ્ય ભજવાતું હોય ત્યારે કેટલીક વખત દરવાજો બંધ કરીને તેની તિરાડમાંથી કૂતરીના ચહેરા તરફ જોતો અને તપાસતો કે મારી ગેરહાજરીમાં તેના વર્તનમાં ફર્ક થાય છે કે નહિ. કૂતરી એમ જ શાંત બેસી રહેતી. પછી તો બિલાડીની હિંમત એટલી બધી વધી ગઈ કે કૂતરીને આપેલું ખાવાનું પણ તરાપ મારીને તે ખાઈ જવા લાગી. મને ખાતરી હતી કે કોઈ દબાણમાં આવીને નહિ પરંતુ સહજ રીતે કૂતરી બિલાડીનાં વર્તનને ચલાવી લેતી હતી. બિલાડી માણસથી નિર્ભય થઈ જાય તો એ માણસનાં શરીર સાથે ઘસાઈને વારંવાર ચાલ્યા કરે છે. મારી ઇચ્છા એવી હતી કે બિલાડીનો કૂતરી સાથે આવો સંબંધ થાય. પરંતુ અમે પછી અમારા પોતાના મકાનમાં રહેવા ચાલ્યા ગયા એટલે આ પ્રયોગ અહીં અટકી ગયો.

નોંધ : કોઈ પશુ-પક્ષીને પાળવાના નામે તેના ગળામાં પટ્ટો નાંખીને કે તેને પીંજરામાં પૂરીને તેની સ્વતંત્રતા છીનવી લેવાના પક્ષમાં હું નથી.

| 8 | ધીરજની કસોટી |
|---|---|

હું મારી બહેન સાથે અમારા મામાના ઘરેથી પરત આવવા બસમાં બેઠો. મારી બહેન બારી પાસે બેઠી હતી અને હું એની બાજુમાં બેઠો હતો. બસ ઉપડી. થોડી વાર થઈ અને મારી બહેનના ખોળામાં ખારીસિંગના ફોતરા પડ્યા. મેં જોયું કે તેની બરાબર પાછળની સીટ પર બેઠેલા એક ભાઈ ખારીસિંગનું પડીકું એક હાથે ખોળામાં

રાખીને બીજા હાથે ખારીસિંગ ફાકી રહ્યા હતા. થોડી વાર થઈને ફરીથી કેટલાક ફોતરા પડ્યા. મેં વિચાર્યું કે બસ આગળ દોડી રહી છે તેથી પવનથી ફોતરા પાછળ જવા જોઈએ. મેં બહેનને બારી બંધ કરવા કહ્યું. થોડી વાર થઈ હશે ત્યાં તેના ખોળામાં બે-ત્રણ દાણા પડ્યા. મેં ગુસ્સામાં પાછળ જોયું તો પેલા ભાઈ શાંતિથી સિંગ ફાકી રહ્યા હતાં.

તેઓને ખખડાવતા પહેલા છેલ્લી વાર મેં વિચાર કરી જોયો કે અન્ય કોઈ રીતે બહેનના ખોળામાં સિંગ પડી શકે કે કેમ? અચાનક મારી નજર ઉપર ગઈ. સામાન રાખવાની જગ્યાએ નાનકડું પડીકું પડ્યું હતું. ઉબડ-ખાબડ રસ્તાઓ પરથી પસાર થવાને કારણે પડીકાની દોરી ઢીલી થવાથી એમાંથી ક્યારેક ફોતરા તો ક્યારેક દાણા પડતા હતા. મેં એ પડીકાના માલિકની શોધ કરીને તે પડીકું તેઓની પાસે રાખવા જણાવ્યું જેથી તેઓના રૂપિયા વ્યર્થ ન જાય. મેં વિચાર્યુ કે કોઈના પર દોષારોપણ કરતા પહેલા ખૂબ જ ધીરજ રાખીને ઘટનાની તપાસ કરવી જરુરી બને છે.

| 9 | બુદ્ધિનો બળદ |
|---|---|

શૈક્ષણિક વર્ષ 1989-90 દરમિયાન એમ.એસ.યુનિવર્સિટીમાં એફ. વાય. આર્ટસમાં અભ્યાસ કરતો હતો ત્યારની વાત છે. દર વર્ષે ગુજરાત તત્વજ્ઞાન પરિષદનું અધિવેશન, વિવિધ કૉલેજના તત્વજ્ઞાન વિભાગના યજમાનપદે યોજાતું હતું. દશાબ્દિ અધિવેશનના યજમાનપદે અમારી આર્ટસ ફેકલ્ટીનો તત્વજ્ઞાન વિભાગ હતો. સ્થળ હતું કાયાવરોહણ(કારવણ). આ અધિવેશન ત્રણ દિવસ માટે યોજાતું. સમગ્ર ગુજરાતનાં વિવિધ કૉલેજના તત્વજ્ઞાન વિભાગના અધ્યાપકો, વિદ્યાર્થીઓ ત્રણ દિવસ સાથે રહેતા, સાથે જમતા ને દિવસના બે સેશન દરમિયાન ચર્ચા કરતા. કેટલાક અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ પોતાનું રિસર્ચ-પેપર વાંચતા. ત્યારબાદ તેના પર પ્રશ્નોત્તરી થતી. મને પહેલેથી જ પેપર-રિડિંગ કરવાની સાથે પ્રશ્નો પૂછીને રીડરને મુંઝવી નાખવાનું બહુ ગમતું. ઉત્તરગુજરાતથી દવેસાહેબ વિદ્યાર્થીઓની ફોજ લઈને વડોદરા આવ્યા હતા, જેમાં બે તેજસ્વી છોકરા-છોકરીએ પણ પેપર-રિડિંગ કર્યું હતું : એક હતો બિરેન જોષી ને બીજી હતી કાજલ પંડ્યા. પ્રથમ બિરેને પેપર વાંચ્યું. તાળીઓનો ગડગડાટ. તૈયારી સુંદર હતી એમાં બેમત નહિ, પરંતુ મારા સ્વભાવ પ્રમાણે હું ઊભો થયો ને તેની એક લીટી મેં પકડી લીધી હતી, તેને લગતો પ્રશ્ન, તાળીઓ શરુ થઈ કે તરત મેં પૂછી લીધો. સભાનું ધ્યાન બદલાયું. 'લશ્કરને સંગીત સાથે રતિભાર સંબંધ નથી'- આ વાતને મેં પડકારી.

બીજા દિવસે સવારે મારા આશ્ચર્યની વચ્ચે હું જેને પહેલા ક્યારેય મળ્યો નથી એ કાજલ મારા માટે નાસ્તાની ડીશ તૈયાર કરીને લાવી હતી. અમે બન્નેએ રસપૂર્વક ચર્ચા કરતા-કરતા નાસ્તો પૂરો કર્યો. અમે મિત્રો બની ગયા. બપોરે જમ્યા બાદ આરામ કરવાને બદલે કાજલે મને સૂચવ્યુ, કે "તમે યજમાન બન્યા છો, તો કાયાવરોહણના મંદિરો મને બતાવો." કાજલ ડભોઈની વતની હોવાથી વડોદરા જિલ્લાથી એ અજાણી ન હતી, એ વાત એણે મારાથી છુપાવી. અમે બીજુ સેશન શરુ થતાં સુધી એક પછી એક મંદિરે ફરવાને બહાને અલક-મલકની વાતો કરતા રહ્યા, જેમાં જૉક્સ, ઉખાણા, મજાક-મશ્કરી, પોતાના શોખની વાતો વગેરે હતુ. છેલ્લા

દિવસે વિદાય પ્રસંગ આવીને ઉભો રહ્યો. કાજલ પ્રમાણમાં વધુ વિહ્વળ બની હતી, જ્યારે હું પુરુષ-પ્રકૃતિ અનુસાર નિર્લેપ હતો. બસ ઉપડતા પહેલા લગભગ પાંચેક વખત એણે મને જુદા-જુદા શબ્દો દ્વારા, છુટા પડવા બદલ એ દુઃખી છે એમ જણાવ્યુ. હું કાંઈ સમજ્યો નહિ ને એક રુટીન ઔપચારિકતા ગણીને “મને પણ દુઃખ થાય છે.” એમ જણાવતો રહ્યો.

મારું મોસાળ ઉત્તર ગુજરાતનું મહેસાણા શહેર હોવાથી, ને મારી માસીઓ તેની આસપાસના શહેરોમાં જ રહેતી હોવાથી દિવાળી વેકેશનમાં હું ત્યાં ફરવા જતો. માસીને ત્યાં ગયો, બે દિવસ રહ્યો, ને અચાનક મને યાદ આવ્યું, કે કાજલ પણ આ જ શહેરમાં રહે છે. વિસ્તાર પણ યાદ આવ્યો, મને થયું, એકલો ઘરે બોર થાઉં છું તો શહેરમાં આંટો મારતો આવું, શક્ય છે, કાજલ મળી પણ જાય. રસ્તામાં એક પ્રૌઢ બેનને પૂછ્યું, “કાજલ પંડ્યાનું ઘર ક્યાં?” મારી ગણતરી માત્ર ઘરને દૂરથી જોઈને જ પાછા ફરી જવાની હતી. પણ પ્રશ્ન પૂછતાની સાથે જ બકરી ડબામાં આવી ગઈ, કારણ કે એ બેન બીજું કોઈ નહિ પણ કાજલના મમ્મી હતાં. મને કહે, “આવોને, ક્યાંથી આવો છો?” મેં મારી ઓળખાણ આપી, ને પૂછ્યું, “કાજલ નથી?” “એ કૉલેજ ગઈ છે.” એમણે કહ્યું. મેં પૂછ્યું, “કેમ, એની કૉલેજમાં વેકેશન નથી પડ્યું?” એના મમ્મી કહે, “પેપરની તૈયારી કરવા એના સરે એને આજે ખાસ બોલાવી છે, આવતી જ હશે.”

કાજલને બે બહેનો હતી, ભાઈ ન હતો. કાજલ આવી. અમે વાતો કરતા બેઠાં. થોડી વારમાં એના મમ્મી બહાર જઈને આવ્યા, પછી મને ચોખ્ખું ન સમજાય એમ કહેવા લાગ્યા, “તમારા માસીના ઘર વિશે જાણી આવી. તેઓ સારા છે.” મેં વિચાર્યું, કાજલના ઘરના સભ્યો, પોતાના પરિચીતો સજ્જન હોય એની તકેદારી રાખે છે. તેઓ મને આસાનીથી છોડવા તૈયાર ન હતા. કાજલ મને કહે, “આપણે બિરેનના ઘરે જઈ આવીએ.” અમે, હું, કાજલ ને એની એક બહેન રીક્ષામાં બિરેનને મળીને પરત આવ્યા. તેઓએ મને જમીને જવાનો આગ્રહ કર્યો. “મારા માસીએ જમવાનુ બનાવ્યું હોય, એ બગડે.” એમ જણાવી હું બીજા દિવસે જમવા આવવાનુ નિમંત્રણ સ્વીકારી માસીના ઘરે આવ્યો. બીજા દિવસે કાજલના પપ્પા સાથે મુલાકાત થઈ. તેઓએ ‘નવરાત્રીના ઘોંઘાટની મને એલર્જી છે, આપણે ત્યાં ટર્મિનોલોજીનો અભાવ છે…’ વગેરે વાતો કરી. જમ્યા બાદ કાજલ મને મુકવા છેક બજાર સુધી આવી, કારણ કે ત્યાર બાદ અમે મળવાના ન હતા. છુટા પડતા પહેલા એ મને કહે, “મેં તમને પત્ર લખ્યો, ત્યારે મને એમ હતું કે તમને પ્રભાવીત કરી શકાય એ માટે પૂરતી વાતો મેં પત્રમાં લખી છે. પરંતુ તમારો જવાબ આવ્યો ત્યારે મને લાગ્યું, કે જીવનમાં પહેલી વાર મારાથી ચઢિયાતું કોઈ મને મળ્યું છે.” આટલું કહ્યા બાદ પણ હું ખરા દિલથી કહું છું કે હું એની વાતનો મર્મ ત્યારે સમજ્યો ન હતો.

પરિષદમાંથી છુટા પડ્યા બાદ અમારો પત્ર-વ્યવહાર ચાલુ જ હતો. તેના ઘરે જઈ આવ્યા બાદ કાજલનો એક પત્ર આવ્યો, જેમાં એણે મને લખ્યું હતું, કે તે ઉનાળા વેકેશનમાં વડોદરા રોકાવા આવવાની છે. તેના સગાનું સરનામુ પણ તેણે મને આપ્યું હતું. મેં વિચાર્યું કે આમાં મારે તો કશું કરવાનું છે જ નહિ. કાજલ વડોદરા આવશે એટલે, જેમ હું એના શહેરમાં ગયો હતો ત્યારે એના ઘરે પહોંચી ગયો હતો એમ, એ મારા ઘરે આવશે. મહિના બાદ મને થયું, કાજલ વડોદરા આવવાની હતી તેનું શું થયું? મેં એને પત્ર લખ્યો. એણે જવાબમાં જણાવ્યું, “મને આવી મૈત્રીમાં કોઈ રસ નથી.” તો યે મને કાંઈ સમજ ન પડી.

ઘણાં વર્ષો બાદ એક પરિચીતના દીકરાના લગ્નપ્રસંગે એક સ્ત્રી મને જોઈને કેમ મલકી રહી છે એ સમજ પડતી ન હતી. આ ઘટના બન્યા બાદ ઘણા મહિને મને યાદ આવ્યું, કે એ તો કાજલ હતી. સાથે-સાથે સમજ પડી ગઈ કે તે પરણીને વડોદરામાં મારા જ વિસ્તારમાં સેટલ થઈ છે. હું તેના ઘરના સરનામાથી અજાણ છું પણ તે મારું સરનામુ જાણે છે. તેને એક દીકરી પણ છે અને મહિને બે-ત્રણ વાર અમારા ઘર આગળથી પસાર થઈ જાય છે પણ મને મળવા આવતી નથી કારણ કે તેને “આવી મૈત્રીમાં ક્યાં રસ છે?”

| 10 | ...ને હું બચી ગયો |
|---|---|

નારેશ્વર તીર્થના નર્મદા કિનારે હું નદીમાં નહાતો હતો. સાથીમિત્રો પણ પોતપોતાની રીતે સ્નાનનો આનંદ લઈ રહ્યા હતાં. મને એવો ખ્યાલ હતો કે નદીના પાણીમાં આડા પડીને શ્વાસ રોકીએ એટલે શરીર પાણીની સપાટી પર તર્યા કરે પણ પાણીમાં ડુબે નહિ. કમરભેર પાણીએ નદીમાં આડો પડીને હું શ્વાસ રોકતો તેથી શરીર સપાટી પર આવતું અને શ્વાસ લેતો એટલે પગના ભાગેથી શરીર પાણીમાં પડી જતું. વારંવાર આવી રમત કરીને હું શરીર અને નદીનાં પાણી વચ્ચેના સંબંધની કરામતનો આનંદ લઈ રહ્યો હતો. કિનારે વહેણ બિલકુલ હતું જ નહિ તેથી મેં નક્કી કર્યું કે વધુમાં વધુ કેટલો સમય શ્વાસ રોકી શકાય તે ચકાસવું. મને તરતા આવડતું ન હતું. શ્વાસ રોક્યો એટલે શરીર સપાટી પર તરવા લાગ્યું. વધુ સમય શ્વાસ રોકવાની ફાવટ હતી એટલે સપાટી પર પડ્યો રહ્યો. થોડી વારમાં શ્વાસ લીધો એટલે શરીર પગના ભાગેથી પાણીમાં ગયું. પરંતુ આ શું થયું? હું ચમક્યો, ગભરાયો. કમરભેર પાણી આગળથી ઘડિયાળના કાંટાની માફક શરીર ખસતું-ખસતું માથું ડુબી જાય એટલા પાણીના ઊંડાણમાં આવી ગયું હતું. મેં સ્વસ્થતા ધારણ કરી. પાણીના તળીયે બે પગ વડે દેડકાની જેમ ધક્કો મારીને સપાટી પર આવવાની સાથે-સાથે કિનારા તરફ ત્રાંસી દિશામાં જવા લાગ્યો. સપાટી પર આવીને મેં જોયું અને મને જણાયું કે મદદ માટે બુમો પાડીને શક્તિ વેડફવી વ્યર્થ ગણાશે. માટે કિનારા તરફ આવવાનો જે પ્રયત્ન છે એ ચાલુ રાખવાની જરુર છે. વારંવાર તળીયે ધક્કો મારતો મારતો કિનારે આવી ગયો. જો મે સ્વસ્થતા ગુમાવી હોત તો આ પ્રસંગ લખવા માટે હયાત ન હોત.

| 11 | નિર્દોષ મૈત્રી |
|---|---|

વિદ્યાનગર કૉલેજમાં એસ.વાય. બી.એ.માં પ્રવેશ મેળવ્યા બાદ અમારો માઈનોર સબ્જેક્ટ(ગૌણ વિષય) સાઈકોલોજી હોવાથી રીના ભટ્ટ સાથે મારી દોસ્તી થઈ ગઈ. ચરોતરના એક નાના નગરથી રીના આવતી ને હું વડોદરાથી અપ-ડાઉન કરતો. અમે રીસેસમાં અથવા ફ્રી પિરિયડમાં અથવા મન કરે ત્યારે નાનાબજારના એક બેકરી સ્ટોરમાં પફ ખાવા જતા. વેકેશન પડે એટલે અમે પત્રવ્યવહારથી સંપર્કમાં રહેતા. કૉલેજ ચાલુ હોય ત્યારે વર્ગમાં પ્રોફેસર આવે તે પહેલા અમે થોડી હસી-મજાક કરી લેતા. મને યાદ છે એક વખત મેં પારલે પોપિન્સની ચુસવાની ગોળી તેના મોંમા મુકી અને રીના એને ચાવી ગઈ હતી. મેં એને કહ્યું, “ખરી છે તું, મેં આજ સુધી કોઈ છોકરીને ગોળી ચાવીને ખાતાં જોઈ નથી.” જવાબમાં એ હસી પડી હતી. અમારા વિચારો

મળતા આવે છે કે કેમ એની પરવા જ કોને હતી ? અમારો મન-મેળ ગજબનો હતો. કદાચ એટલે જ ટી.વાય.બી.એ.માં અમે આવ્યા ત્યાં તો તેના સગાઈ-લગ્ન પતી ગયા.(કુછ સમજે?) સાસરી વિદ્યાનગરમાં જ હોવાથી કૉલેજનો અભ્યાસ રીનાએ ચાલુ જ રાખ્યો હતો આથી અમારો પફ ખાવા જવાનો પ્રોગ્રામ એવો ને એવો હતો.

એક વખત બજારથી કૉલેજ પાછા ફરતા એણે મને કહ્યું, “કલ્પેશ, લોકોએ કોઈ દિવસ પ્રેગ્નન્ટ સ્ત્રી જોઈ જ નહિ હોય, જોને કેવા ધારી-ધારીને મારી સામું જુએ છે ?” મેં એને કહ્યું, “આપણે લગભગ દોઢ વર્ષથી સાથે ફરીએ છીએ ત્યારથી જોનારા જોયા જ કરે છે, પણ તને કોઈ દિવસ ખબર પડી ? ખરેખર તો તારી આ અવસ્થાને કારણે તું પોતે જ મુંઝાય છે તેથી તું બીજાની નોંધ લેવા લાગી છે. આપણે વાતોમાં મશગુલ રહીએ, તારો પ્રોબ્લેમ સોલ્વ થઈ જશે.” ઘણીવાર હું રીના સાથે એના ઘરે(સાસરે) જતો, ક્યારેક જમતો પણ ખરો. રીનાના સાસુ-સસરા અમારી સાથે વાતોમાં જોડાતા પણ ખરા. એક વાર મેં રીના પાસે એના પતિનું કેસેટ કલેક્શન જોવા માંગ્યું તો મને ધબ્બો મારીને હસી પડતાં એ બોલી, “મારા ‘એ’ પાસે માત્ર હાસ્ય કેસેટો જ છે.”

રીનાની જેઠાણી જોબ કરતી હતી આથી ઘરના વડીલોનો આગ્રહ હતો કે રીના ગ્રેજ્યુએશન બાદ ઘર સંભાળી લે. રીનાએ જોયું કે ઘર સંભાળનાર કરતાં કમાનારનું મહત્વ વધી જાય છે તેથી પોસ્ટગ્રેજ્યુએશન માટે અને ત્યારબાદ જોબ કરવા માટેનો પોતાનો નિર્ણય અફર રહે એ માટેની શક્તિ એણે મારી સાથે ચર્ચા કરીને મેળવી હતી. મેં એને પૂછ્યું હતું કે એ શું બનવા માંગે છે, જેના જવાબમાં રીનાએ જણાવ્યું હતું કે એ પોલીસ ઈન્સ્પેક્ટર બનવા માંગે છે. હું એનો જવાબ સાંભળીને હસી પડ્યો હતો. હાલ વિદ્યાનગરની એક શાળામાં રીના ટીચર છે, ખુશ છે.

| 12 | અમદાવાદી કન્ડક્ટર |
|---|---|

આસ્ટોડીયાથી વાડજ જવા માટે હું સિટી બસના પાછલા દરવાજેથી ચઢ્યો ને બેસવાની જગ્યા ન હોવાથી નજીકની એક સીટ પાસે ઉભો રહ્યો. આગળથી કન્ડક્ટરભાઈ ઝડપથી પાછળ આવ્યા અને અન્ય મુસાફરોની સાથે મને કહેતા હોય એ રીતે બસમાં આગળ વધવાની સૂચના આપી. બે-ત્રણ વખત મને કહ્યું એટલે જે સીટ પાસે હું ઊભો હતો ત્યાં મેં જોયું. એક યુવાન બહેન ત્યાં બેઠી હતી. અમદાવાદ શહેરના કન્ડક્ટરભાઈઓ સ્ત્રીગૌરવ માટે જાગ્રત છે એવી મારી સમજ છે. તો હું પણ સજ્જન છું. શા માટે કન્ડક્ટર મને એ સીટથી ખસીને આગળ જવાનો આગ્રહ કરે છે? આમ વિચારીને હું ત્યાં જ ઊભો રહ્યો. આગ્રહ છોડીને કન્ડક્ટર આગળ ટિકીટ આપવા જતા રહ્યાં.

વાડજ ઉતરીને ચાંદખેડા જવા માટે બસ-સ્ટેન્ડ પાસે હું ઊભો રહ્યો. સહજ મારો હાથ ખીસામાં ગયો ને હું ચમક્યો. મારું પાકીટ ચોરાયું હતું ને મને બ્રહ્મ ! જ્ઞાન થયું. આસ્ટોડીયા સ્ટેન્ડથી, શા માટે એક શખ્સ જે બસ આવે તે “વાડજ જશે, ચડી જાવ” કહીને તેમાં ચઢી જવાનો મને આગ્રહ કરતો હતો? પાકીટચોર રોજ આખો દિવસ બસમાં ચઢ-ઉતર કરતા હોવાથી કન્ડક્ટર તેને ઓળખતા હોય પરંતુ કાંઈ કરી શકે નહિ. મુસાફરનું

પાકીટ ચોરીને પાછલા દરવાજેથી ચાલુ બસે ઉતરી જવાનું ચોર માટે આસાન હોય છે તેથી કન્ડક્ટર, મુસાફરોને લુંટાતા બચાવવા તેઓને આગળ વધવાની સૂચના આપ્યા કરે. મારા પ્રત્યે સદ્દભાવનાથી પ્રેરાઈને મને લુંટાતો બચાવવા કન્ડક્ટરભાઈ મને આગળ વધવાનો આગ્રહ કરતા રહ્યા અને હું જુદો જ અર્થ લઈને ત્યાં ઊભો રહ્યો. છેવટે 'જેવું મુસાફરનું ભાગ્ય' એમ વિચારીને કન્ડક્ટર આગળ જતા રહ્યા ને જે બનવાનું હતું તે બનીને જ રહ્યું. મારું પાકીટ ચોરીને ચોર પાછલા દરવાજેથી ઉતરી ગયો.

| | |
|---|---|
| 13 | પત્રમિત્ર |

વિદ્યાનગર આર્ટસકૉલેજમાં એસ.વાય. બી.એ.માં અભ્યાસ કરતો હતો ત્યારે બીજી ટર્મમાં મેં હોસ્ટેલમાં રહેવાનું નક્કી કર્યું હતું. એ દરમિયાન એક ગુજરાતી મેગેઝીનમાં આવતી 'પેનફ્રેન્ડ' નામની કૉલમ દ્વારા હું અને પોરબંદરની મીતા પત્રમિત્રો બન્યા હતા. મીતા અને તેના પિતાનું આખું નામ 'મીતા શામજી દામજી રાજાણી.' મિતાએ મને દુકાનનું સરનામું આપ્યું હતું ને ત્યાં પત્ર લખવા જણાવ્યું હતું. મેં ત્યાં પત્ર લખ્યો. થોડા સમય બાદ એનો મારા પર પત્ર આવ્યો, જેમાં એણે મને જણાવ્યું હતું, કે "મેં તને નવું સરનામું આપ્યું છે, ત્યાં તું મને પત્ર લખજે, ને હા, પહેલા પત્રમાં તેં જે લખ્યું છે એ જ ફરીથી લખજે કારણ કે તારો પહેલો પત્ર તો મારા પિતાનાં હાથમાં આવી ગયો હતો તેથી તેમણે મને માર માર્યો છે અને પત્ર તો મને આપ્યો જ નથી. તું ખાસ મને પહેલા પત્રની વાતો જરુરથી લખજે." મેં એને લખ્યું, "મેં પત્રમાં માત્ર 'કેમ છો, મજા માં' સિવાય કંઈ જ લખ્યું ન હતું, પણ છેલ્લે 'લી. કલ્પેશની સ્વીટ યાદ.' એમ લખ્યું હતું, જે કોઈ પણ પિતાને ઉશ્કેરી મુકવા માટે પૂરતું હતું."

મીતાએ જે નવું સરનામું શોધ્યું હતું એ અફલાતુન હતું. બહારગામથી ટપાલ સીધી રેલ્વે સ્ટેશન પર આવે. એટલે એણે પોતાની એક બહેનપણી કલ્પના પરમાર દ્વારા એના ભાઈ અશ્વિન પરમારને સાધ્યો હતો, જે રેલ્વે સ્ટેશને ટપાલ વિભાગમાં કામ કરતો હતો. મીતાને પોરબંદરની એક પણ પોસ્ટઑફિસ કે એના એક પણ ટપાલી પર વિશ્વાસ રહ્યો ન હતો, ડાયરેક્ટ ડાયલિંગ ! યુવાનીનાં ઉછાળા કેવા તોફાની હોય છે ! ત્યારબાદ અમારી પત્રયાત્રા સરળતાથી ચાલવા લાગી, તે છેક એના લગ્ન થઈ ગયા ત્યાં સુધી. એના પત્રો આવતા બંધ થઈ ગયા એટલે હું સમજી ગયો કે એ ક્યાંક ગોઠવાઈ ગઈ છે. એના પપ્પાનો માર એ ભૂલી નહિ હોય એટલે એણે મને એના લગ્નમાં બોલાવ્યો નહિ. જો કે, અગાઉ એણે મને પોરબંદર, રાજકોટ જેવા સ્થળોએ જુદા-જુદા બહાના હેઠળ અનેકવાર બોલાવ્યો હતો. મીતા મને કહેતી, કે "ઈન્ટરકૉલેજ રાસ-કોમ્પિટીશનમાં પાર્ટનરની મને જરુર છે, તમે આવો" વગેરે. . . હું જઈ શકું એમ ન હતો કારણ કે મીતા સામાન્ય ભારતીય છોકરીની જેમ લાઈફ-પાર્ટનર શોધતી હતી, જ્યારે હું અભ્યાસ પ્રત્યે કમિટેડ હતો. આથી અમે અમારી રીતે સાચા હતાં.

હું એને લાંબા-લાંબા પત્રો લખતો, જ્યારે એ ખૂબ જ ટૂંકા પત્રો લખતી. આથી મેં કોમેન્ટ કરી હતી, "ડીયર, તારા પત્રો અમદાવાદી ચા જેવા હોય છે, એક ઘુંટડો પીઓ, ત્યાં તો કપનું તળીયું દેખાય." જવાબમાં મીતાએ "યાર, આ વખતે અસલ પોરબંદરની ફુલ કપ કૉફી પીવડાવું છું." એમ કહીને લાંબો પત્ર લખ્યો હતો. એક

વખત એણે મને ફ્રેન્ડશિપની વ્યાખ્યા લખીને મોકલી હતી. ઘણા સમય બાદ મને ખબર પડી હતી કે એ વ્યાખ્યા કોણે કરી છે. ત્યારે મને સમજાયું કે એણે એ વ્યાખ્યા મેળવવા માટે કેટલો પરિશ્રમ કર્યો હશે. મીતાએ જાણ્યું કે હું ફીલોસોફી વિષય સાથે બી.એ. કરું છું એટલે એણે ગ્રેટ ગ્રીક ફિલોસોફર સોક્રેટીસે કરેલી ફ્રેન્ડશિપની વ્યાખ્યા મને મોકલી હતી. ખરેખર, ભારતીય છોકરી જેની સાથે જોડાય છે એનામાં સમરસ થઈ જવાનું એ અદભુત સામર્થ્ય ધરાવે છે.

| 14 | જેવી દૃષ્ટિ તેવો હું |
|---|---|

સવિતા, અમારા ઘરની કામવાળી બાઈ. સદાય હસતી. એને બોલીને અથવા ઘરના સ્ત્રી-સભ્યોને અડપલા કરીને વારે ઘડીએ તેમની સાથે મસ્તી કરવા જોઈએ. કોઈ વાર એ કામ પર ન આવી હોય તો હું સ્કૂટર પર એના ઘેર જઈને એને લઈ આવું. એક દિવસ એ કામ પર આવી અને ખૂબ હસવા લાગી. મેં એને હસવાનું કારણ પૂછ્યું તો જવાબ આપવાને બદલે એ વધુ જોરથી હસવા લાગી. પછી કહે, “કલ્પેશભાઈ, કાલે તમે મને લેવા આવ્યા તે જમાદારનો ડ્રેસ પહેરીને આવ્યા હોત તો બહુ મજા પડી જાત.” મેં પૂછ્યું, “કેમ?” તો કહે, “તમે સાદા કપડામાં આવો છો તો પણ તમને પોલીસવાળા સમજીને અમારા વાસ(રહેઠાણ)નો કલાલ(દારુ ગાળીને વેચનાર) એનો બસો-પાંચસો લીટર દારૂ ઢોળી નાંખીને માટલાં ફોડી નાંખે છે, તો જમાદારના ડ્રેસમાં આવો તો એ શું કરે?” મને થયું, મારી ભારેખમ કાયા ને ચહેરા પરની ગંભીરતા જોઈને કોઈને હું જમાદાર લાગું છું, તો મિલિટરીના યુવાનો મને સિનિયર સમજીને સલામ ઠોકે છે. ટ્રેન દ્વારા અપ-ડાઉન કરતો ત્યારે ચાલુ ટ્રેનમાં ક્યારેક બાથરૂમ તરફ જતો હોઉં તે વખતે ડબામાં ટિકીટ વગરના, એક જગ્યાએ બેસવાને બદલે આમ-તેમ ફર્યા કરતા મુસાફરો, ટ્રેન ધીમી હોય તો મને જોઈને ડબામાંથી કૂદી પડતા, અન્યથા મને સલામ ઠોકતા તો કોઈ “કેમ છો સાહેબ?” કહીને લાગવગ લગાવતા.

કૉલેજમાં તો વળી જુદી જ સ્થિતિ હતી. ટેમ્પરરી લેક્ચરર હોવા છતાં યુનિવર્સિટી-ઓફિસમાંથી અથવા બીજી કૉલેજમાંથી આવેલા માણસો સ્ટાફ-રુમમાં સીધા હું જ્યાં બેઠો હોઉં ત્યાં મને હેડ સમજીને મળવા આવી જતા. હું તેઓને મારી બાજુમાં બેઠેલા મારા હેડ પ્રો.દવેસાહેબને મળવાનું કહેતો. આ દૃશ્ય જોઈને હિન્દી વિભાગના હેડ પ્રો.ભટ્ટસાહેબ મોટેથી બોલતા, “સોનીસાહેબ હેડ લાગે છે અને દવેસાહેબને તેઓ ઢાંકી દે છે.” તે વખતે હું ગાંગો તેલી ને રાજા ભોજનું દૃષ્ટાંત મનોમન યાદ કરી લેતો.

એક વાર ભાલેજ નજીકના એક અંતરિયાળ ગામડાં તરફ ત્રણ કિલોમીટર પગે ચાલીને જતો હતો ત્યારે પગદંડીની બાજુમાં એક ઝુંપડીની બહાર ગરીબ માના ખોળામાં કોકડું વળીને બેઠેલો સૂકલકડી છોકરો મારા પસાર થવાની સાથે દબાતા અવાજે એની માને કહેતો હતો, “કેવડો મોટો રાખસ(રાક્ષસ) જાય છે!” મેં ધીરેથી માથું ઘુમાવીને એ છોકરાના ચહેરાના ભાવ વાંચવાની કોશિશ કરી હતી.

| 15 | અન્યાયનો પ્રતિકાર |
|---|---|

એમ.એ. ફાઈનલયરની ઈન્ટર્નલ એક્ઝામ આપવા માટે અમે પરીક્ષાખંડમાં બેઠા હતા. સુપરવાઈઝરે આવતાની સાથે પરીક્ષાર્થીઓને ખખડાવવાનું ચાલુ કરી દીધું. દરેક પરીક્ષાર્થીને આન્સરબુક મળી ગઈ, અમે એમાં વિગતો ભરવાનું શરુ કરી દીધું છતાં તેઓનું ઘાંટાઘાંટ કરવાનું બંધ થયું નહિ એટલે મેં પાછળ ફરીને એમની સામું જોયું. એમણે મને પણ કોઈ અપશબ્દ કહીને ટપાર્યો. હું શાંત રહ્યો.

એક પેપરની પરીક્ષા પૂરી થતાં સ્ટાફ-રૂમમાં જઈને હું એ પડછંદ યુવાન પ્રાધ્યાપકને જઈને મળ્યો ને એમનું નામ પૂછ્યું. “શું કામ છે” – એમણે સામો પ્રશ્ન પૂછ્યો. “તમારા વિરુદ્ધ પ્રિન્સિપાલને મારે ફરિયાદ કરવી છે.” –મેં કહ્યું. તરત જ ઊભા થઈ જતાં એમણે મને કહ્યું, “નામ જ શા માટે, ચાલ, હું પણ તારી સાથે આવું.” અમે પરીક્ષાવિભાગની ઓફિસમાં ગયા અને હું ફરિયાદ કરું એ પહેલાં જ એમણે મારી વિરુદ્ધ આચાર્યશ્રીને ફરિયાદ કરવાનું ચાલુ કરી દીધું. પરીક્ષાની કામગીરી ચાલુ હતી તેથી પૂરી વાત સાંભળી શકાય તે માટે પ્રિન્સિપાલે અમને બન્નેને પોતાની ઓફિસમાં બોલાવ્યા. ત્યાં પણ પ્રાધ્યાપક વરસી પડ્યા. ત્યારપછી મેં કહ્યું, “સર, આ પ્રાધ્યાપકે સુપરવાઈઝર તરીકે પેપર શરુ થતાંની સાથે જ બિનજવાબદારીપૂર્વક વર્તવાનું રાખ્યું છે તેથી અમને પરીક્ષા આપવામાં બહુ તકલીફ પડી છે.” આચાર્યશ્રીએ પ્રાધ્યાપકને ટકોર કરતાં કહ્યું, કે “ફરિયાદ કરનાર વિદ્યાર્થી તેજસ્વી છે અને તે જ્યારે એમ.એ. પ્રિવિયસમાં હતો ત્યારે આપણી કૉલેજમાં પ્રાધ્યાપક તરીકે કામ કરી ચૂક્યો છે તેથી આપણે તેની અવગણના ન કરી શકીએ.” તેમ છતાં આખો કેસ ઉડાડી મુકવાની ગણતરીથી એ પ્રાધ્યાપક મોટે-મોટેથી અંગ્રેજીમાં બોલતાં-બોલતાં ઓફીસની બહાર નીકળી ગયા.

| 16 | લાગણી અને વિચાર |
|---|---|

અર્ચના પાઠક ને હું બાળપણના મિત્રો. મોટા થયા પછી પણ પરસ્પરનું આકર્ષણ ઘટ્યું ન હતું. અર્ચના ખુબ જ સુંદર તેમજ સંસ્કારી હતી. તેની અને તેના મમ્મી-પપ્પાની ઈચ્છા હતી કે અર્ચનાના લગ્ન મારી સાથે થાય. હું ભારતીય સંસ્કૃતિની વિચારધારામાં નિષ્ઠા ધરાવું છું આથી મારી ઈચ્છાને હું દબાવીને બેઠો હતો. અર્ચનાના પપ્પા મારા પ્રાધ્યાપક શ્રીપંડ્યાસાહેબને મળીને મારા પર દબાણ લાવ્યા. મેં તેઓને જણાવ્યું કે આંતરજ્ઞાતીય લગ્નો સમાજ માટે હિતાવહ નથી તેથી હું અર્ચના સાથે લગ્ન નહિ કરુ. પંડ્યાસાહેબ મારો ચહેરો વાંચી રહ્યા હતા. તેઓએ મને જણાવ્યું કે તેઓનો નાનો દીકરો પોતાના પિતાની ઈચ્છા વિરુદ્ધ વણિક જ્ઞાતિની છોકરી સાથે પરણ્યો હતો, તેથી તેઓ દુઃખી હતા. અર્ચનાના મમ્મીના કહેવાથી અમારા આધ્યાત્મિકપથના માર્ગદર્શક ત્રિવેદીભાઈએ મને લગ્ન માટે ‘હા’ કહેવા જણાવ્યું. હું મૌન રહ્યો.

એક દિવસ અર્ચના એની મોટી બહેન પ્રજ્ઞા સાથે મારા ઘરે આવી. પ્રજ્ઞાએ મને ‘ના’ પાડવાનું કારણ પૂછ્યું, જેના જવાબમાં મેં જણાવ્યું, કે અર્ચના નોકરી છોડી દે તો હું લગ્ન કરું. પ્રજ્ઞા કહે, “તમારું જીવન સરળતાથી

પસાર થઈ શકે એટલું બેન્ક બેલેન્સ બતાવ તો અર્ચું અત્યારે જ નોકરી છોડી દેશે.” મને ખબર હતી કે વીસમી સદીના અંત ભાગમાં આઈ.સી.ડબલ્યુ. થઈને એલ.&ટી. જેવી કંપનીમાં વીસ-પચ્ચીસ હજાર કમાતી છોકરી, નોકરી ન જ છોડે. આથી જ મેં તેઓ સમક્ષ આવી શરત રાખી હતી. ત્યારબાદ અર્ચના ને પ્રજ્ઞા ભારે હૈયે ઘરેથી ચાલ્યા ગયા હતા. તેઓનું દિલ દુભવવા બદલ મને પણ દુઃખ થયું હતું ને અર્ચના મારી જીવનસંગિની નહિ બની શકે એથી પણ હું દુઃખી હતો. પરંતુ મારા જીવનમાં લાગણીઓ પર હંમેશા વિચારોએ વિજય મેળવ્યો છે.

| 17 | ગજબની છોકરી |
|---|---|

પોસ્ટગ્રેજ્યુએશન બાદ શું કરવું એ વિચારતો હતો ત્યાં વડોદરાના મકરપુરા વિસ્તારની બારમાં ધોરણમાં ભણતી ધનાઢ્ય યુવાન બિઝનેસમેનની સ્લીમ સુંદર છોકરી રચનાને ઘરે જઈને ભણાવવાનું થયું. ઘરમાં જ, એણે એકલીએ જ મારી પાસે ભણવાનું હતું છતાં રચના, કોઈ પાર્ટીમાં જવાનું હોય એમ તૈયાર થઈને બેસતી. એનાં મમ્મીએ મને કહ્યું હતું, કે એક વર્ષ બાદ રચનાને મ્યુઝિક કૉલેજ જોઈન કરવી છે તેથી ગયા વર્ષે નાપાસ થયેલી રચના આ વખતે પાસ થઈ જાય એ જરૂરી છે. રચનાના પપ્પા એના મોટા ભાઈ જેવા વધુ લાગતા હતા. તેઓ પોતાની ઑફિસ જતા રહ્યા બાદ મેં રચનાને ભણાવવાનું શરૂ કર્યું તે જ વખતે એના મમ્મી ઘરના દરવાજાને બંધ કરી ચાર-પાંચ બંગલા દૂરની પડોશણને ત્યાં ગપ્પા મારવા ગયા ત્યારે મને થોડું વિચિત્ર લાગ્યું.

રચનાનું ધ્યાન ભણવામાં ઓછું હતું. એ મને બીજી જ વાતોએ ચડાવવાની હિંમતભરી કોશિશ કરતી. મને કહે, “વીકએન્ડમાં અમે અમારા ફાર્મહાઉસ જવાનું પસંદ કરીએ છીએ.” મેં એની વાત પર ધ્યાન ન આપ્યું તો થોડી વાર બાદ એ મને કહે, “સર, તમને નથી લાગતું, વાતાવરણ થોડું બોર થઈ રહ્યું છે.” મેં કહ્યું, “મારી સમજાવવાની સ્ટાઈલ હું બદલુ છું.” કેટલીક પળો વીત્યા બાદ રચના મને કહેવા લાગી, “સર, મને તો એવા વિચારો આવ્યા કરે છે, કે તમે બાઈક લઈને જતા હો ને હું સ્કુટી પર તમને સામે મળું. પછી આપણે ત્યાં થોભીને વાતો કર્યા જ કરીએ. મારા અગાઉના સર સાથે હું રસ્તામાં આવી રીતે ખૂબ વાતો કરતી.” મને ખાતરી થઈ ગઈ કે આ એક ‘કેસ’ છે તેથી હું એને ભણાવવાનું મૂકીને મારા ઘરે આવતો રહ્યો.

બીજા દિવસે એમ વિચારીને ગયો કે, બધું ઠીક થઈ જશે. આગલા દિવસની જેમ જ અમે બે આખા ઘરમાં એકલા બેઠાં. રચનાને આજે મેં કોઈ મોકો ન આપ્યો. પણ વશ થાય તો રચના શાની? બાઈકના અવાજથી વશીભૂત થયેલી એ ખૂબ જ ઝડપથી દરવાજો ખોલીને બાઈક-સવાર છોકરાને બૂમ પાડીને પોતાના ઘરમાં લઈ આવી. વીખરાયેલા વાળ, મેલાં-ચોળાયેલાં કપડાં, ફાટેલાં બૂટવાળો છોકરો એના મવાલી જેવા બે સાગરીતને લઈને દીવાન પર બેસીને રચનાને ઘૂરવા લાગ્યો. પગના અંગૂઠાથી શરુ કરીને એણે રચનાને આંખોથી પીવાનું શરુ કર્યું. મેં રચના સામું જોયું તો એ પણ અજબના નશાભરી હાલતમાં જમીન પર નજર ખોડીને બેઠી હતી. આથી વધુ મારું, એક શિક્ષકનું અપમાન બીજું કયું હોઈ શકે? હું ઉઠીને ચાલતો થયો. રચનાનાં પપ્પા ઘરે આવે એટલે ફોન પર અત્યંત કડક શબ્દોમાં ખખડાવી નાંખવા હું બેતાબ હતો. મારું મગજ ફાટતું હતું. ફોન પર એમને એટલું જ કહી શક્યો, કે “હું કાલથી નહિ આવું.” “શા માટે?” એમણે પૂછ્યું. મેં કહ્યું, “તમારી દીકરીને

પૂછી લેજો.” ને મેં ફોન કટ કરી નાંખ્યો. અવારનવાર હું રચનાને માંડવી વિસ્તારમાં એની બહેનપણીઓ સાથે ખાણી-પીણીની જ્યાફત ઉડાવતી, શોપિંગ પાછળ રુપિયા ખર્ચતી જોઉં છું. જો કે મારો રચના પ્રત્યેનો રોષ ચાલ્યો ગયો છે.

| 18 | ભક્તાણી |
|---|---|

વિદ્યાનગર કૉલેજમાં ટેમ્પરરી લેક્ચરર હતો ત્યારની વાત છે. મારી ઉંમર ત્રીસની હતી. વડોદરાથી આણંદ ટ્રેઈન દ્વારા અને આણંદથી વિદ્યાનગર રીક્ષામાં જવા-આવવાનું થતું. ઘરે પરત આવવા માટે આણંદ સ્ટેશને ઊભો હતો ત્યાં ટ્રેન આવી. હું તેમાં ચઢવા ગયો ને તરત જ તે ઉપડી. મને નવાઈ લાગી. સીઝનટિકીટ(પાસ) ધારક (અપડાઉનવાળા) માટે જાણીતી ‘ભક્તાણી’ લોકલ ટ્રેન સ્ટેશને આવીને લગભગ અડધો કલાક ઊભી રહે છે જ્યારે આ ટ્રેન તો તરત જ ઉપડી. હું આવું વિચારતો ટ્રેનમાં ચઢીને ઊભો હતો. પછી મને ખબર પડી કે મારાથી ભૂલમાં એક્સપ્રેસ ટ્રેનમાં પ્રવેશ થઈ ગયો છે. હવે શું ? T.C.આવે એટલે દંડ ભરવાની તૈયારી રાખવાની રહી. મારા ચહેરા પરની મુંઝવણ પારખીને એક મજબૂત બાંધાનો ઊંચો, લગભગ પીસ્તાલીસની વયનો યુવાન મારી નજીક આવ્યો. મેં એને ટૂંકમાં વાત કરી. એણે મારી વાતમાં સૂર પુરાવતાં મને કહ્યું, કે “આ ટ્રેનની આવવાની કે ઉપડવાની કોઈ જાહેરાત સ્ટેશને માઈક પર થઈ નથી તેથી તમારાથી આ ભૂલ થઈ છે.” વાંક બન્ને પક્ષે છે. હવે શું? એ મને કહે, “તમે ઉપરની સીટ પર ચઢીને સૂઈ જાવ, T.C.પસાર થઈ જશે, વાંધો નહિ આવે.” મેં કહ્યું, “છુપાવાનું મને નહિ ફાવે, જે થાય તે ખરું.” યુવાને મારા ખીસામાં રહેલી પેન સરખી કરીને મને સૂચના આપી, “T.C.સામું જોતા નહિ.” તરત જ T.C.આવ્યો. મારી પાસે આવીને મને કાંઈ પૂછે તે પહેલા પેલા યુવાને વચ્ચે આવી જઈને T.C.ને વાતમાં વળગાડીને તેને આગળ લઈ ગયો.

| 19 | ઈન્કમટેક્ષ ઑફિસર |
|---|---|

વિદ્યાનગરમાં ટેમ્પરરી લેક્ચરર તરીકે કામ કરતો હતો ત્યારની વાત છે. વડોદરાથી આણંદ ટ્રેઈનદ્વારા અને ત્યાંથી વિદ્યાનગર રીક્ષા દ્વારા જતો-આવતો. એક દિવસ આણંદ સ્ટેશનેથી ટ્રેનમાં ચઢ્યો. કોઈ સીટ ખાલી ન હોવાથી ઉપરની સીટ પર ચઢી ગયો. ત્યાં એક સજ્જન આડા પડેલા હતા. તે મને આવેલો જોઈને બેઠા થઈ ગયા અને મારી સાથે વધુ પડતી વાતો કરવા લાગ્યા. તેઓ મને અનુકૂળ થઈને વર્તતા હતા તેથી મને તેમના પર કોઈ શંકા ન ગઈ. એ મને કહે, “બેસો, બેસો, છેક અમદાવાદથી સૂતો-સૂતો આવું છું, હવે બેઠા-બેઠા વડોદરા સુધી જવું છે.” પછી મને પૂછ્યું, “શું કરો છો?”

મેં કહ્યું, “કૉલેજમાં ફિલોસોફી ભણાવું છું.”

“કેવા છો?” –બીજો પ્રશ્ન.

“સોની છું.” મેં જવાબ આપ્યો.

એમણે એમની આંખમાં આવેલી ચમક છુપાવતાં પૂછ્યું, "તમારે સોનીનાં વ્યવસાય સાથે સંબંધ ખરો?"
મેં કહ્યું, "પપ્પાએ સમય પસાર કરવા માટે દુકાન લઈ રાખી છે, તે બેસે છે."
મને કહે, "હમણા આ ધંધામાં બહુ મંદી ચાલી રહી છે, નહિ?"
"સરકાર એવી નીતિઓ ઘડી રહી છે કે નાના કારીગરો અને વેપારીઓ ખતમ થઈ રહ્યા છે અને મોટા-મોટા જ્વેલર્સ કરોડો કમાઈ રહ્યા છે." મેં વાત કરી.
"શું વાત કરો છો?" એ સજ્જનના હાથમાં આખો લાડવો આવી ગયો હોય એમ અંદરથી એ રાજી થઈ ગયા. મે ઉત્સાહથી કહી દીધું, "વડોદરાના ફલાણા વિસ્તારમાં જઈને જુઓ, રોજનું કિલોબંધ સોનું ટર્નઓવર થાય છે." બે-ત્રણ વાર મને પૂછીને ખાતરી કરી લીધા પછી એ સજ્જને ધડાકો કરતા કહ્યું, "હું ઈન્કમટેક્સ ડીપાર્ટમેન્ટમાં છું."

એક સેકન્ડમાં મારા મગજમાંથી અનેક વિચારો પસાર થઈ ગયા, "આ માણસે પહેલેથી મને કહી દીધું હોત કે તે ઈન્કમટેક્સમાં છે તો હું તેને માહિતી આપત ખરો? હજુ પણ હું એને કહી શકુ છું, કે "મેં વધારે પડતો આંકડો તમને જણાવ્યો છે, ખરેખર એવું નથી." વળી મારી આપેલી માહિતીના અધારે આ લોકો દેશની કોઈ સેવા નહિ કરે પરંતુ પોતાના ખીસ્સાં ભરશે." તેમ છતાં મારા ચહેરા પર છેતરાયા બદલ ભોંઠપની અસર લાવ્યા સિવાય મેં કહ્યું, "મેં તમને જે જણાવ્યું છે તે સાચું છે, તમને યોગ્ય લાગે એમ કરો." મેં તેઓને જણાવેલા વિસ્તારમાં થોડા સમય બાદ ઈન્કમટેક્સના દરોડા પડ્યા હતા અને લગભગ દસેક જ્વેલર્સ કરોડો રુપીયા આપીને, કોઈએ પાંચ તો કોઈએ પંદર કરોડની કરચોરી કબૂલી હતી, વાસ્તવમાં આ જ્વેલર્સે કરોડો રુપીયાની કરચોરી કરી હતી.

| 20 | ઈન્ટરવ્યૂ |
|---|---|

ગુજરાત સરકારને ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે માનવીય વિજ્ઞાનો [Human sciences, {સમાજવિજ્ઞાનો(Social sciences)}] ના વિકાસમાં કોઈ રસ નથી. તેથી આર્ટસકૉલેજોના સંચાલકો મોટે ભાગે ટેમ્પરરી લેક્ચરરની નિમણૂક કરી ગાડું ગબડાવે છે. દર વર્ષે માર્ચનાં અંતે તેઓને છૂટા કરવામાં આવે ને જુલાઈ અથવા ઑગષ્ટમાં ઈન્ટરવ્યૂ લઈ તેઓને કામ સોંપવામાં આવે. વેતન પણ એટલું આપે કે જેમાં પોતાનો ખર્ચ પણ માંડ-માંડ નીકળે. મે,2000માં નલિની-અરવિંદ આર્ટસ કોલેજના આચાર્ય ને મારા પ્રાધ્યાપક ડો.પંચાલસાહેબના આમંત્રણથી ને એમ.એસ.યુનિ.ની આર્ટસ ફેકલ્ટીના તત્વજ્ઞાન વિભાગના હેડ ડો.નિતીન વ્યાસના પ્રેમાગ્રહથી નલિનીકોલેજમાં મેં તત્વજ્ઞાન ભણાવવાનું સ્વીકાર્યું. કૉલેજમાં અમારા ડીપાર્ટમેન્ટના હેડ દવે સાહેબ એટલા બધા જ્ઞાની ગણાય કે તેઓ સાથે ચર્ચા કરવા પી.જી.ડીપાર્ટમેન્ટનાય એકેય પ્રોફેસર રાજી ન થાય. ચાર વર્ષ અધ્યાપન કાર્ય કર્યા બાદ દર વર્ષની જેમ '04-'05ના વર્ષમાં એક દિવસ મારો રૂટીન ઈન્ટરવ્યૂ હતો. મંડળમાંથી ખરેખરા જ્ઞાની-સમજુ-શાણા, ઠાકરસાહેબ આવ્યા હતા. દવેસાહેબ હેડ હોવા ઉપરાંત ઈનચાર્જ પ્રિન્સિપાલ પણ હતા. ઈન્ટરવ્યૂ શરુ થયો. ચર્ચા દરમિયાન એક તબક્કે દવેસાહેબે એક શબ્દ જાણવાનો મારી પાસે આગ્રહ રાખ્યો. મેં ગુજરાતીમાં એ શબ્દ જણાવ્યો તો તેઓએ સાચા શબ્દનો મારી પાસે આગ્રહ રાખ્યો. મેં જણાવ્યું કે મારો શબ્દ

સાચો છે. તેઓએ સાચો શબ્દ અંગ્રેજીમાં જણાવ્યો એટલે તરત મેં કહ્યું, “સાહેબ, તમે જે શબ્દ અંગ્રેજીમાં કહ્યો તેનો જ ગુજરાતી શબ્દ મેં કહ્યો છે. તમે અંગ્રેજી માધ્યમમાં ભણ્યા છો ને હું ગુજરાતી માધ્યમમાં, તેથી આવું થયું છે.”

ઠાકરસાહેબ લગભગ દોડીને બાથરુમમાં જતા રહ્યા. થોડી વાર બાદ તેઓ પોતાના સ્થાને ગોઠવાયા ત્યારે પણ તેઓના ચહેરા પર સ્પષ્ટ દેખાતું હતું કે અમારી ચર્ચાના કારણે આવતું હસવું રોકીને, બાથરુમમાં જઈને અમને ન સંભળાય એ રીતે ખડખડાટ હસીને તેઓ બહાર આવ્યા હતા. ‘અઠવાડીયાના ત્રણ દિવસનો પગાર મળશે અને છ દિવસ કામ કરવું પડશે’ એવી શરત દવેસાહેબે મૂકી એટલે ‘ના’ કહીને હું આવતો રહ્યો. ત્યાં જ અધ્યાપક તરીકેની મારી કારકીર્દિનો અંત આવ્યો કારણ કે નોકરીની શોધમાં અરજી કરીને હું આ ક્ષેત્રમાં આવ્યો ન હતો બલ્કે મારા પ્રાધ્યાપકોના આમંત્રણને સ્વીકારીને હું પ્રાધ્યાપક બન્યો હતો.

નોંધ : કોઈ શૈક્ષણિકસંસ્થા પોતાના વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિ પેપર-1,2,3નો અભ્યાસ કરાવવા ઈચ્છે તો એફ.વાય., એસ.વાય., ટી.વાય.માં નિઃશુલ્ક અધ્યાપન કરવાની મારી તૈયારી છે. આ અભ્યાસક્રમમાં માનવીના વ્યક્તિગત તેમજ સામાજિક તમામ પ્રશ્નો ઉકેલવાની તાકાત છે.

| 21 | બાયોલોજી ટૂર |
|---|---|

વર્ષ હતું 2003-04નું. હું છોટાઉદેપુર કૉલેજમાં તત્વજ્ઞાન વિષયનો ટેમ્પરરી લેક્ચરર હતો. સંસ્થા તરફથી રહેવા માટે મને જીમખાનાનો વિશાળ હૉલ મળ્યો હતો. આર્ટસ, સાયન્સ તેમજ કૉમર્સ એમ ત્રણેય કોલેજ એક સાથે ચાલતી હોવાથી અમદાવાદની કોઈ સાયન્સ કોલેજના બાયોલોજી વિભાગના વિદ્યાર્થીઓ-અધ્યાપકોની એક ટીમ, સ્ટડી-ટૂર નિમિત્તે છોટાઉદેપુર આવવાની હતી, જેમાં સાઈઠ જેટલી યુવતીઓ અને ચાર યુવકો તેમજ બે અધ્યાપકો સામેલ હતા. તેઓ વહેલી સવારે ચાર કલાકે આવવાના હતા તેથી તેઓના આખા દિવસના ઉતારાની વ્યવસ્થા અમારી કૉલેજે કરવાની હતી. અમારી કૉલેજના બાયોલોજીના અધ્યાપકના સૂચનથી આચાર્યશ્રીએ મને જણાવ્યું હતું કે ચાર  યુવકોને મારે એક દિવસ પૂરતો મારા હૉલમાં ઉતારો આપવો. યુવતીઓના ઉતારા માટે મારા હૉલની સામે રહેતા બાયોલોજીના અધ્યાપકે પોતાનું ત્રણ માળનું મકાન ખાલી કરાવ્યું હતું. વહેલી સવારે આવનારા યુવકોને પ્રવેશ માટે રાહ ન જોવી પડે તેથી હું તે રાત્રે હૉલનો દરવાજો ખુલ્લો રાખીને ગોદડું ઓઢીને સૂઈ ગયો હતો.

અચાનક મને અનુભવ થયો કે મારા પગ પર નાની-મોટી વસ્તુઓનો ભાર વધી રહ્યો છે અને હૉલમાં કલરવ ચાલે છે. મારી આંખ ખુલી ને જે દૃશ્ય મેં જોયું તેનાથી એક પળ તો મારે શું કરવું એ મને સમજાયું નહિ. સાઈઠેક છોકરીઓ બે પલંગ પર પોતાનો સામાન મુકીને હૉલમાં તૈયાર થઈ રહી હતી. કોઈ અરીસામાં જોઈને માથું-ચહેરો સજાવતી હતી તો કોઈ ડોલના પાણી વડે મુખશુદ્ધિ કરી રહી હતી. હું પથારીમાંથી ઉભો થયો તેટલામાં તેમના પ્રાધ્યાપકો આવી ગયા ને મને કહેવા લાગ્યા, “તમે સુતા હતા ત્યારે અમે બે જણા તમારો હૉલ જોઈ ગયા, વિદ્યાર્થીનીઓના ઉતારા માટે અમને આ હૉલ વધુ અનુકૂળ લાગ્યો.” અમારી કોલેજના,

પોતાના ફેમિલી સાથે રહેતા પ્રાધ્યાપકનું, એમણે છોકરીઓ માટે ખાલી કરેલું બે માળનું મકાન, આવેલા પ્રાધ્યાપકોને અનુકૂળ ન જણાયું ને હું એકલો રહેતો હતો એવો હૉલ એમણે પસંદ કર્યો એટલે મને નવાઈ લાગી. છોકરીઓ ફ્રેશ થઈને જાય એની રાહ જોતો હું બહાર ખુરશી પર બેઠો. અંતે એક છોકરીને મેં કહ્યું, “હવે હું ફ્રેશ થવા અંદર જાઉં છું. તમારો બધાનો સામાન અંદર છે. અડધા કલાક સુધી ‘નો એન્ટ્રી’. તમારે કંઈ લેવાનું હોય તો અત્યારે જ લઈ લો.” એ છોકરી મને કહે, “સર, પાંચ મિનિટમાં હું બધી ગર્લ્સને પુછીને આવું છું, ત્યાં સુધી તમે પ્લીઝ, વેઈટ કરો.” એ છોકરીની રજા મળી એટલે હું ન્હાવા બેઠો ત્યાં એક છોકરીએ દરવાજો ખખડાવ્યો. મેં એને થોડી વાર પછી આવવાનું કહ્યું એટલે એ મને કહે, “સર, યુ ડુ યોર ઑન જોબ. દરવાજો ખોલી આપો, હું મારું કામ પતાવીને નીકળી જઈશ.”

| 22 | ફ્રોડ |
|---|---|

એક સવારે હું આણંદ જવા માટે લોકલ બસમાં ચઢ્યો. છેક પહેલી સીટ પર એક જગ્યા ખાલી હતી, ત્યાં એક સજ્જનની બાજુમાં બેઠો. એ ભાઈ નામ-જપ-સ્મરણ કરી રહ્યા હતા. મેં આણંદની ટિકીટ કંડક્ટર પાસેથી લીધી. મારે ઉતરવાની થોડી વાર હતી ત્યાં એ સજ્જને મારી સાથે વાત કરવાનું શરૂ કર્યું. મને કહે, “સવારે મારે ઉઠવાનું મોડું થઈ ગયું તેથી સ્નાનાદિ નિત્યકર્મ કર્યા બાદ પૂજા-પાઠ કરવાના રહી ગયા હતા, વિચારતો હતો કે બસમાં પતાવી દઈશ. પરંતુ મોટી ચિંતા એ હતી કે બાજુમાં કોઈ ખોટી આદતોવાળો આવી જશે તો મારા પાઠ અધુરા રહી જશે. આપે તો મને મોકળાશથી બેસવાની સગવડ આપી ને શાંતિ જાળવી તેથી મારાં જાપ પૂરા થઈ શક્યા. મને ખૂબ આનંદ થયો. આપ શું કરો છો ?”
“હું વિદ્યાનગર કોલેજમાં લેક્ચરર છું.” મેં કહ્યું.
“કઈ શાખામાં?” તેઓએ પૂછ્યું.
“આર્ટસમાં હું તર્કશાસ્ત્ર અને તત્વજ્ઞાન ભણાવું છું.” મેં જવાબ આપ્યો.
એ ભાઈ મને કહે, “વોટ એ પ્લેઝન્ટ સરપ્રાઈઝ, હું કેલીફોર્નિયાની કાર્ડિઆક યુનિવર્સિટીનો વાઈસ ચાન્સેલર છું. મારું નામ માર્તંડ પંડ્યા.” ત્યારબાદ તેઓએ ગુજરાતના પોતાના સમકાલીન ઘણા લેક્ચરરના નામ લઈને, હું એ બધાને ઓળખું છું કે કેમ એ અંગે પૂછપરછ કરી. હું કોઈને જાણતો ન હતો. પછી એમણે મને કહ્યું, “જુઓ તમારી શિષ્ટતાપૂર્ણ વર્તણૂકથી હું ખૂબ જ પ્રભાવીત થયો છું. મારી ઈચ્છા તમને કેલીફોર્નિયા લઈ જવાની છે. તમે મારું કેલીફોર્નિયાનું એડ્રેસ લખી લો.” મેં આનાકાની કરી એટલે એ ભાઈ મને કહે, આમાં આશ્ચર્ય જેવું કાંઈ જ નથી. આ બધું ઈશ્વરની યોજનાનો જ એક ભાગ છે. સમર્થ ઈશ્વરે જ આપણો યોગ કરાવી આપ્યો છે.” તેઓનું માન રાખવા મેં એડ્રેસ લખી લીધું ને બસમાંથી ઉતરી ગયો.

મારે આણંદથી રીક્ષામાં વિદ્યાનગર કોલેજ જવાનું હતું. એ ભાઈ ડાકોર જવાના હતા. મને સાથે લેવા તેઓએ છેલ્લો દાવ અજમાવ્યો. એમણે મને બારી પાસે બોલાવ્યો. મને કહે, “તમારી એમ.એ.ની માર્ક્સશીટની ઝેરોક્ષ નકલ, જે, યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરે પ્રમાણીત કરી હોય અને જીલ્લા મેજીસ્ટ્રેટે સહી-સિક્કા કર્યા હોય, તે મને કેલીફોર્નિયાના એડ્રેસ પર મોકલી આપજો. તમારી લેક્ચરર તરીકે ત્યાં નિમણૂક કરીને હું તમને મુંબઈ-

કેલીફોર્નિયાની તમારી, વાઈફની અને બાળકોની એર-ટિકીટ મોકલી આપીશ. આવકવેરા વિભાગ તરફથી પૂછપરછ થાય તો કહી દેવાનું કે, "અમેરિકન ઈન્કમ છે તેથી ટેક્સ ત્યાંની ગવર્નમેન્ટે કાપી લીધો છે. અને હા, અહીં તમારો માસિક પગાર પંદર હજાર રુપિયા હશે તો ત્યાં તમારો માસિક પગાર પંદર હજાર યુ.એસ.ડોલર કરી શકીશ, પછી ધીરે-ધીરે એમાં વધારો થયા કરશે. O.K. Good bye." "આવજો." કહીને મેં મારી ફરજ બજાવવા માટે વિદ્યાનગર જતી રિક્ષા પકડી.

મારું પ્રકાશીત થયેલું પ્રથમ પુસ્તક 'સંસ્કૃતિ દર્પણ' હું વિદ્યારસિકોને વહેંચતો હતો ત્યાં ત્રણ વર્ષ પૂર્વે ઘટેલી આ ઘટના અને માર્તંડભાઈ મને યાદ આવ્યા. તેઓને મેં કેલીફોર્નિયાના સરનામે મારું પુસ્તક મોકલી આપ્યું. મહિના બાદ 'Insufficient address'ના સિક્કા સાથે પુસ્તક પરત આવ્યું. ત્યારબાદ બીજા છ મહિના પસાર થઈ ગયા. મારા એક મિત્ર સાથે વાતચીત દરમિયાન મને અચાનક યાદ આવ્યું, કે માર્તંડભાઈનો વડોદરાના રહેઠાણનો સંપર્ક કરીએ તો કેવું? નામ પરથી ટેલીફોન નંબર ને સરનામુ મેળવવા હું ડિરેક્ટરી લઈને બેઠો. મારા આશ્ચર્ય વચ્ચે ડિરેક્ટેરીમાં તેઓના નામ જેવું નામ ધરાવતું બીજું કોઈ નામ ન હતું. તેથી તેઓનું સરનામુ અને ટેલીફોન નંબર સહેલાઈથી મળી ગયા. મેં નંબર ડાયલ કર્યો. રીંગ વાગી. સામે છેડે પુરુષનાં અવાજમાં 'હેલ્લો' સંભળાયું. મેં મારું નામ જણાવીને કેલીફોર્નીયા ગયેલા માર્તંડભાઈનો વડોદરાનો આ નંબર અને સરનામું બરાબર છે કે કેમ એ વિશે મેં પૂછ્યું. "બરાબર છે." મને જવાબ મળ્યો. "આપ કોણ બોલો છો"? એવું જ્યારે મેં પૂછ્યું, ત્યારે "એમના કુટુંબી છીએ." એવો ઉડાઉ જવાબ મળ્યો. મને શરુઆતથી જ એવું લાગતું હતું કે, ફોન ઉપાડનારને વાત કરવામાં રસ નથી. અત્યારે માર્તંડભાઈ કેલીફોર્નિયા છે કે ભારતમાં? મેં જાણવા માંગ્યું. "માર્તંડભાઈ અહીં જ છે, જુલાઈમાં વિદેશ જવાના છે." જવાબ મળ્યો. "અત્યારે તેઓ ક્યાં મળશે?" એવું હું પૂછતો હતો ત્યાં ફોન કટ થઈ ગયો.

ત્યાર બાદ બે વખત થોડા-થોડા દિવસને અંતરે મેં ફોન કર્યો તો કોઈ બહેને વાત કરી. બહેન મને કહે, "નિઝામપુરા વિસ્તારની જે પ્રતિષ્ઠીત વ્યક્તિ ગુજરી ગઈ છે તેના બેસણામાં જવા માટે માર્તંડભાઈ ઘરેથી હમણાં જ નીકળી ગયા છે, ને તેઓ પેટ્રોલપંપ પાસે તમારી રાહ જુએ છે." મને આ બધી ગરબડ સમજાતી ન હતી. મેં પૂછ્યું, "બહેન, તમે કોણ બોલો છો?" તો બહેન મને કહે, "હું એમની વાઈફ બોલું છું." મને થયું, મારે માર્તંડભાઈને રૂબરૂ મળવું પડશે, એ સિવાય સ્પષ્ટતા નહિ થાય. 'થોડા દિવસ બાદ મળવા આવું છું' એવી ફોન પર જાણ કરીને હું એક દિવસ તેઓના ઘરે પહોંચી ગયો. માર્તંડભાઈ બારણે આવ્યા. મેં જોયું કે તેઓએ એમની એક આંખ ગુમાવી છે ને પાંચ વર્ષમાં તો વીસ વર્ષ વહી ગયા હોય એવી એમની ઉંમર જણાય છે. મને કહે, "શું કામ છે? હું કોઈની સાથે વાત કરવા માંગતો નથી."

મેં કહ્યું, "હું ફોન પર આપને જાણ કરીને મળવા આવ્યો છું. મારે આપનું કોઈ કામ નથી. આપને કેલીફોર્નિયા પોસ્ટ કરેલી મારી બુક, પૂરતું સરનામું ન હોવાથી પરત આવી છે તેથી આપને રૂબરૂ ભેટ આપવા આવ્યો છું." તો મને કહે, "ફ્રોડ હોય છે ઘણા બધા. કોણ ક્યારે મારી સાથે છેતરપીંડી કરે? હું ક્યારેય કોઈનેય મારું પૂરુ સરનામુ આપતો નથી." મેં કહ્યું, "મને અંદર આવવાનું નહિ કહો." ઘર આખું ખાલી હતું, કોઈ સામાન કે રાચરચીલું ઘરમાં ન હતું. એ મને કહે, "મેં શરુમાં જ કહ્યું ને, કે તમને મળવામાં મને કોઈ જ રસ નથી." પાછળ ઊભેલા એમના ધર્મપત્ની એમને સમજાવી રહ્યા હતા કે શાંતિથી બેસીને વાત કરો. ત્યાં તો એ તાડૂક્યા, "જ્યારે હું ઘરમાં ન હતો ત્યારે તમે ફોન કર્યા છે, ને મારી ગેરહાજરીમાં મારી પત્ની સાથે વાત કરી છે. તમારી

સાથે હું આવું વર્તન કરું તો તમને સારું લાગશે? લાવો, મને તમારો નંબર આપો. હું પણ તમને આ રીતે પજવું, પછી તમને મારી પીડા સમજાશે.

મેં કહ્યું, “વડીલ, હું તમારા દીકરાની ઉંમરનો છું, લેક્ચરર છું, ને એક દિવસ આણંદ જતાં બસમાં આપણી મુલાકાત થઈ હતી ને આપે સામેથી મને કેલીફોર્નિયા આવવાનું . . .”

“હું વિચારી-વિચારીને પાગલ થઈ ગયો પણ મને યાદ આવતું ન હતું. તમારો ફોન પહેલી વાર આવ્યો ને વાત કરતા મને જણાયું કે કોઈ ફ્રોડ મારા કેલીફોર્નિયાના કનેક્શન્સ શોધે છે, ને સોની છેએએએ . . .મેં મારા બધા સોની મિત્રો યાદ કરી લીધા પણ આ વાત યાદ ના આવી.” કહીને તેઓ દરવાજેથી અંદર ખસ્યા. તેઓની પત્નીએ મને અંદર આવવા કહ્યું. હું બેઠો. બહેન પાણી લઈને આવ્યા. મેં પીધું. ભાઈ અંદરના રુમમાંથી બેઠકરુમમાં આવ્યા એટલે એમને મારું પુસ્તક આપીને મેં જવા માટે રજા લીધી. ત્યારબાદ ઘણી વાર હું મારા પરિવાર સાથે સયાજીબાગમાં ફરવા ગયો હોઉં ત્યારે મેં માર્તંડભાઈને સિનિયર સિટિઝન સાથે બાગમાં મજા કરતાં જોયા છે. અમારી નજર એક થતાં તેઓની બચેલી એક આંખમાં જોવા મળતો અપરાધભાવ મને એવું વિચારવા મજબૂર કરે છે કે તેઓની કેલીફોર્નિયાવાળી વાત, તેઓએ મારી સાથે કરેલો એક ફ્રોડ જ હતો.

☼ ☼ ☼

# લેખક પરિચય

**નામ :** કલ્પેશ ડી. સોની

**જન્મ :** તા. 24-9-70(મહેસાણા)

**અભ્યાસ :** બી.એ.(લોજીક & ફીલોસોફી),
ડીસ્ટિંક્શન, મે,'93
એમ.એ.(લોજીક & ફીલોસોફી),
ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ,મે,'96

**કારકીર્દિ :** વ્યાખ્યાતા તરીકે : જુન, 2000 થી 2004, વિદ્યાનગર તેમજ
છોટાઉદેપુર આર્ટસકોલેજમાં
તર્કશાસ્ત્ર અને તત્વજ્ઞાન વિષયના
વ્યાખ્યાતા
*લેખક તરીકે :* પ્રથમ પુસ્તક : સંસ્કૃતિ દર્પણ, 2003
બીજુ પુસ્તક : જીવન સ્નેહ, 2006

**સરનામું :**
3 શિવમપાર્ક, સાવલી રોડ, હરણી, વડોદરા-22
ફોન : +919898561271
ઈ મેલ : kalpesh_soni18@yahoo.com

**વ્યવસાય :**
વ્યાખ્યાતા અને લેખક
(ભારતીય સંસ્કૃતિ અને તત્વજ્ઞાન)